C.C.NO.3330/2023
A.C.J.M. Olpad

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૦૫/૧૦/૨૦૨૩ | | |
| નોંધ્યા તારીખ: | ૦૫/૧૦/૨૦૨૩ | | |
| ફેસલ તારીખ: | ૦૯/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૬ | ૦૪ |

**મહેરબાન ઓલપાડના એડિશ્નલ સીનીયર સીવીલ જજ અને એડિશ્નલ ચીફ જયુડીસીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં.૩૩૩૦/૨૦૨૩**

**આંક–**

ફરીયાદી : સરકારશ્રી.

(ઓલ.પો.સ્ટે.સી.ગુ.ર.નં.૧૧૨૧૪૦૪૨૨૩૦૮૧૪/૨૦૨૩)

**વિરૂધ્ધ.**

આરોપી : નીરૂબેન તે મનહરભાઈ હિમ્મતભાઈ નાયકાની વિધવા રહે. દેલાડ ગામ, આર.કે.કોલોની, તા.ઓલપાડ, જી.સુરત.

| | | |
|---|---|---|
| ફરીયાદી તરફે | : | વિ.એ.પી.પી.શ્રી કે.આર.ભુંગળ |
| આરોપી તરફે | : | વિ.વ.શ્રી આર.જી.પરમાર. |

**ગુનો: પ્રોહિબીશન એકટની કલમ–૬૫ (ઈ), ૮૧, ૧૧૬ (૨) મુજબ.**

**– : ચુકાદો : –**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, તા.૨૦/૦૬/૨૦૨૩ ના કલાલ ૨૦/૩૦ વાગ્યે મોજે દેલાડ ગામ, આર.કે. કોલોનીમાં આરોપીના ઘરમાં તા.ઓલપાડ, જી.સુરત મુકામે સદર કામના આરોપીએ ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની વ્હીસ્કીની નાની મોટી બાટલીઓ તથા ટીન બીયર નંગ–૩૧૨ કિંમત

રૂા.૪૮,૭૨૫/– નો મુદ્દામાલ રાખી પકડાઈ જઈ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ), ૮૧, ૧૧૬ (૨) અન્વયે ગુનાહીત કૃત્ય કરેલ હોય, ગુનો કર્યાની ફરીયાદ ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અને તેની તપાસ તપાસ કરનાર અમલદારને સોંપવામા આવેલી, જેથી ત.ક.અમલદારે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી આ કામે આરોપી સામે પુરતો પુરાવો જણાતા હાલનુ ચાર્જશીટ ફાઈલ કરવામા આવેલ છે.

**(૨)** આરોપી સમન્સ આધારે અદાલતમાં હાજર થતાં સૌપ્રથમ ક્રિમી. પ્રોસીજર કોડ કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવાની ખાત્રી કર્યા બાદ આંક–૪ થી ઉપરોકત ગુન્હાઓનુ તહોમતનામુ કોર્ટ દ્વારા ફરમાવવામા આવેલ અને ત્યારબાદ સદરહુ તહોમતનામુ આરોપીને વાંચી, સંભળાવી, આરોપીની સદરહુ તહોમતનામા અંગે આંક–૫ થી પ્લી નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવો:–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૬ | પંચ સાહેદ અનવર ફકીર મહમદ સીંધાની જુબાની. |
| ૨. | ૦૮ | પંચ સાહેદ સુંદરભાઈ બેચરભાઈ વસાવાની જુબાની. |
| ૩. | ૧૦ | ફરીયાદી હરસુરભાઈ નાનજીભાઈ સાંબડની જુબાની. |
| ૪. | ૧૮ | ત.ક.અ. પ્રાણવિરસિંહ ચંદનસિંહ સરવૈયાની જુબાની. |

**–: દસ્તાવેજી પુરાવાઓ :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૭ | રીકવરી પંચનામું. |
| ૨. | ૧૧ | ફરીયાદ. |

(૪) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા, આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે તેઓનુ સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે. આરોપીએ ફરીયાદ પક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરી ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

(૫) ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ તેઓની મૌખિક દલીલમા એવી રજુઆત કરેલ છે કે, આ કામમા તપાસાયેલા ફરીયાદી તથા સાહેદોની જુબાનીથી ફરીયાદ હકીકતો પુરવાર થાય છે જે ધ્યાને લઈ આરોપીને દોશીત ઠરાવી કાયદાના વ્યાપમા આવતી સજા કરવી જોઈએ.

(૫.૧) આરોપીના વિ.વ.શ્રીનાઓએ તેઓની મૌખિક દલીલોમા એવી રજુઆત કરેલ છે કે, સદરહુ કામે પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આ કામે ફરીયાદ પક્ષ આરોપી સામેના ગુનાના આક્ષેપો નિઃશંકપણે ઠોસ પુરાવાથી પ્રોસીકયુશન સાબીત કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ છોડી મુકવા રજુઆત કરવામા આવેલ છે.

(૬) આ કામે રજુ થયેલ પુરાવો અને દલીલો ધ્યાને લેતા કેસના નિર્ણય માટે નીચે મુજબોના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

૧. શું ફરીયાદ પક્ષ એ હકિકત નિ: શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૦/૦૬/૨૦૨૩ ના કલાલ ૨૦/૩૦ વાગ્યે મોજે દેલાડ ગામ, આર.કે. કોલોનીમાં આરોપીના ઘરમાં તા.ઓલપાડ, જી.સુરત મુકામે સદર કામના આરોપીએ ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની વ્હીસ્કીની નાની મોટી બાટલીઓ તથા ટીન બીયર નંગ–૩૧૨ કિંમત રૂા.૪૮,૭૨૫/– નો મુદ્દામાલ રાખી પકડાઈ જઈ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ), ૮૧, ૧૧૬ (૨) મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે દર્શાવેલ કારણોસર નીચે મુજબ છે.

મુદ્દા નં. (૧) નકારમાં.

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.

**–:: <u>કારણો</u> ::–**

**<u>મુદ્દા નં. ૧ અને ૨ :–</u>**

(૮) આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો આ કામે પંચ સાહેદ અનવર ફકીર મહમદ સિંધાને આંક–૬ થી તથા પંચ સાહેદ સુંદરભાઈ બેચરભાઈ વસાવાને આંક–૮ થી તપાસવામા આવેલ છે, તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી, તેઓએ આંક–૭ ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદરહુ પંચ સાહેદોની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ કબુલ કરેલ છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામા સહી લીધેલી, તેઓની હાજરીમા કોઈ આરોપીની અટક કરેલ નથી કે કોઈ મુદ્દામાલ કબજે કરેલો નથી.

(૯) આ કામે ફરીયાદી હરસુરભાઈ નાનજીભાઈ સાંબડને આંક–૧૦ થી તપાસવામા આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં ફરીયાદને અનુરૂપ પુરાવો આપી ફરીયાદ હકીકતોને સમર્થન આપે છે. તેઓએ આરોપી વિરૂધ્ધ પ્રોહી. એકટ મુજબ ફરીયાદ આપેલી, તેઓએ આંક–૧૧ ની ફરીયાદમા પોતાની સહી ઓળખી બતાવેલ છે તથા આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. સદરહુ ફરીયાદીની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યાએ ઘણા બધા રહેણાંક મકાનો આવેલા છે, બનાવવાળી જગ્યાએથી કોઈ સ્થાનિક વ્યક્તિઓને પંચ તરીકે કે સાહેદ તરીકે લીધેલ નથી, આ કામે કોઈ પ્રાથમીક પંચનામું કરેલ નથી, ખાનગી વાહનનુ વર્ણન કે નંબર ફરીયાદમાં જણાવેલ

નથી, પેટ્રોલીંગમાં કેટલા વાગે નીકળેલા અને રેડ કેટલા વાગે કરી તેનો ચોકકસ સમય ફરીયાદમાં જણાવેલ નથી, ફરીયાદમાં જણાવેલ પંચો બીજા ઘણા કેસોમા પંચ તરીકે રહેલા છે, આ કામે પકડાયેલ મુદ્દામાલ દારૂ છે તે બતાવતો એફ.એસ.એલ. રીપોર્ટ આ કામે રજુ રાખેલ નથી.

**(૧૦)** આ કામે તપાસ કરનાર અમલદાર પ્રાણવિરસિંહ ચંદનસિંહ સરવૈયાને આંક–૧૮ થી તપાસવામા આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં પોતાની ફરજની ભાગરૂપે કરેલ કાર્યવાહીનો પુરાવો આપેલ છે. સદરહુ તપાસ કરનાવ અમલદારની ઓરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ હકીકત અસ્વીકારેલ છે કે, સાહેદોના નિવેદનો પોલીસ સ્ટેશનમાં બેસી જાતે લખી લીધેલા. તેઓએ એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, તેઓને બનાવવાળી જગ્યાએ જવાનુ થયેલ નથી. તેઓએ એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, બિનવારશી મુદ્દામાલ મળી આવેલ હોવા છતા આરોપીને સંડોવી દઈ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવાછતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

ફરીયાદ પક્ષે ઉપરોકત મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>–: તારણ :–</u>**

**(૧૧)** ઉપરોકત બંને પક્ષકારોની રજુઆત, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા વંચાણે લીધા. તે સાથે ફોજદારી કાર્યવાહીમાં કરવામાં આવેલ પુરાવાના મુલ્યાંકન વિશે જોઈએ તો, કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાની હકીકતનોને નિઃશંકપણે પુરવાર કરવી પડે. જેથી ફરીયાદ પક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થવુ જોઈએ કે, આરોપીએ જે ગુનો કરેલ છે અને ફરીયાદપક્ષને પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદોને તપાસેલા છે તે સાહેદોની સંખ્યા મહત્વની નથી. પરંતુ જો ફરીયાદપક્ષના એકપણ સાહેદ ફરીદાલપક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીએ ગુનો કરેલ હોવાનુ પુરવાર કરતા હોય તથા તેવા સાહેદ વિશ્વસનીય અને આઘાર રાખવા લાયક હોય તો તે

પુરતુ છે, પરંતુ જો ફરીયાદી પક્ષના કેસની હકીકતો ઉપર વ્યાજબી શંકા ઉભી થાય તો તેનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર છે.

**(૧૨)** હાલના કેસના ન્યાયીક નિર્ણયો સારૂ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ કેટલાક ચુકાદાઓ જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે જે ધ્યાને લેવા મહત્વપુર્ણ બની રહેશે.

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ધીરજલાલ ગાંડાભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદામાં કે જે ૧૯૯૧ (૧) જીએલઆર ૪૩૩ થી પ્રસિધ્ધ થયેલ છે જેમાં પ્રસ્થાપિત કરેલ છે કે, જો બોટલોને પંચોની સહીઓ સાથે સીલ કરવામાં આવી ન હોય અને પંચોનો પુરાવો દારૂ મળી આવેલ તેવા ફરીયાદપક્ષના પુરાવાને સમર્થન આપતો ન હોય તેવા કિસ્સામાં પ્રોહીબીશન એકટની કલમ-૧૧૬ (બી) અન્વયે દારૂના કબજા અંગેની ધારણા ઉત્પન્ન કરી શકાય નહી.

નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લઈ હાલના કેસની હકીકતોની ચર્ચા કરવામાં આવે તો આ કામે આરોપી પાસેથી મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ હોય તેવી ફરીયાદપક્ષની હકીકતોને સ્વતંત્ર પંચ સાહેદો સમર્થન આપતા નથી. આ કામે ત.ક.અમલદાર એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલનું સેમ્પલ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ સારુ મોકલેલ, પરંતુ સદર મુદ્દામાલ બોટલો ઉપર જે ઉત્પાદક કંપનીના બ્રાન્ડ કે લેબલ હતા તે કંપનીના માણસનો કોઈ જવાબ લીધેલ નથી. તેમજ આ કામે કબજે કરવામાં આવેલ દારૂની બોટલો ઉપર જે લેબલો લાગેલા હતા તે જ કંપનીની આ દારૂની બોટલો હતી તે હકીકત દર્શાવતો કોઈ સ્વતંત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. ફરીયાદપક્ષે કોર્ટ સમક્ષ આવા કોઈ કંપનીના અધિકારીને તપાસેલ નથી. વધુમાં આ કામે એફ.એસ.એલ. ના કોઈ કર્મચારી કે અધિકારીને તપાસેલ નથી તેવા સંજોગોમાં આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ

બોટલોમાં વિદેશી દારૂ જ હતો તેવી હકીકત માની શકાય નહી અને તે સંજોગોમાં આ કામના આરોપીના કબજામાં દારૂ જ હતો એવું માની શકાય નહી.

**(૧૩)** ઉપરોકત ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ વંચાણે લેતાં, આ કામના પંચ સાહેદો ફરીય ગયેલ જાહેર થયેલ છે. આ કામે પ્રાથમીક પંચનામુ કરવામા આવેલ નથી તેમજ પંચનામાની વિડીયો રેકોર્ડીંગ કરેલ નથી કે પંચનામા સમયના કોઈ ફોટા પાડેલ નથી અને જો પંચનામાનું વિડીયો રેકોર્ડીંગ કરેલ હોય કે પંચનામા વખતના ફોટા પાડેલ હોય તો તે તપાસના કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ નથી તેમજ ગુનાવાળી જગ્યાનો કોઈ નકશો કે સ્થળ સ્થિતિનો કોઈ નકશો બતાવેલ નથી. વધુમાં પોલીસ સાહેદ સિવાય કોઈ સ્વંતત્ર સાહેદનો પુરાવો રજુ થયેલ નથી. તેમજ સદર કામે રીકવર કરવામા આવેલ મુદ્દામાલ અંગે આગળ શી કાર્યવાહી કરેલ તે તપાસ કરનાર અમલદાર જણાવતા નથી. આ કામે મુદ્દામાલ તપાસણીનો એફ.એસ.એલ. નો રીપોર્ટ રજુ કરેલ નથી. બનાવવાળા સ્થળની માલીકી બાબતે કોઈ આધાર રજુ કરેલ નથી. બનાવવાળા સ્થળની આજુબાજુમા બીજા સાહેદો મળી રહે તેમ હોવા છતા તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન તપાસના કામે લીધેલ નથી. આ કામે પોલીસ સાહેદોએ ફરીયાદ હકીકતને સમર્થન આપેલ છે પરંતુ ફરીયાદ હકીકતોને કોઈ સ્વંતત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળતુ નથી. આ કામે રજુ થયેલ મૌખિક દસ્તાવેજી પુરાવો જોઈએ તો સદર ગુનાના મહત્વના મુદ્દામાલ સીઝરના પંચો ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. મુદ્દામાલનો કોઈ એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ નથી. આમ સાયન્ટીફીક એવીડન્સના અભાવે કબજે કરેલ મુદ્દામાલ ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કી હોવાનુ પણ પુરવાર થતુ નથી. આમ, ઉપરોકત પુરાવો નજર સમક્ષ રાખતા આ કામના આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ—૬૫ (ઈ), ૮૧, ૧૧૬ (૨) મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની હકીકત વ્યાજબી શંકાથી પર સાબીત થતી ન હોય, આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવા મૌખિક તથા સાંયોગિક પુરાવાના અભાવે તેમજ ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધના

આક્ષેપીત ગુનાઓ સાબીત કરવામા સફળ થયેલ ન હોય મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમા ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>– : આખરી હુકમ : –</u>**

**(૧)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮ (૧) અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ (ઈ), ૮૧, ૧૧૬ (૨) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી આ કામના આરોપીને વ્યાજબી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબજે લેવાયેલ પ્રોહી.મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ નિયમ અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીના ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૭ (એ) અન્વયે અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૪/૨૦૨૬.
સ્થળ ઓલપાડ.

(દીપ્તી મૌલિક પંડયા)
એડી.સીની.સીવીલ જજ અને
અડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ.
Code No. **GJ-01290**